MNE/413/2019-21

# વોઇસ ઓફ ઘાટકોપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 26 ● સળંગ અંક : 461 ● મુંબઈ ● શુક્રવાર ● તા.19 – 25 જુલાઈ 2019 ● પાના : 16 ● કિંમત રૂ.4

Ghatkopar Cloth Stores (p) Ltd.
Since 1991
where fashion meets compassion...
Now we are Open on Sundays
(Monday Closed)
7045534773



# શ્રદ્ધાંજલિ



## સ્વ.લહેરચંદભાઈ કુંવરજી છેડા (ઉ.વ.૭૨)

**મૂળ કચ્છ - નલિયા (હાલે ઘાટકોપર) : ફોટો વ્યુ વાળા**

*આંખમાં ભરતી છે... હૃદયમાં છે ઓટ*
*અમને આજ પડી છે... વડીલ તમારી ખોટ*

નથી હયાત પણ સાથે છો એવું લાગ્યા કરશે... હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે... યાદોમાં તમારા પ્રત્યક્ષ-પરોક્ષ દર્શન થયા કરશે

દયા, પ્રેમ, કરૂણા, સરળ, પરોપકારી સ્વભાવ આપનો અખંડ જીવન મંત્ર હતો,
મરણ કરતાં સ્મરણ બળવાન છે.
તમારી સ્મૃતિના છોડને અમો કાયમ લીલોછમ રાખીશું

**આપની સ્મૃતિમાં મગ્ન**

**સમસ્ત છેડા અને લોડાયા પરિવાર**

☎ : 022-40229684

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

વર્ષ : 12 ● અંક : 26 ● સળંગ અંક : 461 ● મુંબઈ ● શુક્રવાર ● તા.19 – 25 જુલાઈ 2019 ● પાના : 16 ● કિંમત રૂ.4



ચંદ્રેશ પારેખની કલમે.... ✍



# સુખી લગ્નજીવનનું રહસ્ય

**લગ્નજીવનને ટકાવવાનું આ છે એક રહસ્ય...**

તમે મને કોઈ સલાહ આપશો? એક દુઃખી વ્યક્તિ કબીરના અદ્‌ભુત જ્ઞાનની વાતો સાંભળીને તેમની પાસે પહોંચી જઈને પૂછે છે.

કેમ? કબીરે કાપડ વણતા પૂછયું.

શું વાત છે?

મારે અને મારી પત્નીને  છે તે બિલકુલ બનતું જ નથી. અમારા વચ્ચે લગભગ દરેક બાબતો માટે દલીલો થાય છે. મને તો એ ખબર નથી પડતી કે હું મારું લગ્ન જીવન કેવી રીતે ટકાવી રાખું?

મન નાનું ન કર, મિત્ર. કબીર વણવાનું બંધ કરીને કહ્યું. કોઈને કોઈ રસ્તો હંમેશાં હોય છે.

થોડી ક્ષણો બસ મૌનમાં જ વીતી, અને તે દરમ્યાન કબીર પોતાની રચેલી કવિતા ગણગણવા લાગ્યા અને પાછો પોતાનો ચરખો ચલાવવા લાગ્યા. પેલો વ્યક્તિ તો ઉનાળાના ધોમધખતા નિર્દયી સૂર્યની ગરમીથી પરસેવે રેબઝેબ થઇ ગયો હતો. એ પોતે જે સાદડી પર બેસ્યો હતો તેના ઉપર જ આમથી તેમ ખસતો રહ્યો, અને આમ તેમ જોઈ રહ્યો હતો. તે ખુબ જ હતાશ અને બેચેન હતો. અહી નથી તો કોઈ છાંયડો કે નથી પંખો, આ માણસ (કબીર) અહી કેવી રીતે રહી શકતાં હશે, કવિતાઓ રચવાની તો વાત જ જવા દો.

પરંતુ કબીર તો એકદમ સંતોષ અને શાંતિમાં ડૂબેલા હતા. કોઈ ફરિયાદ નહિ, કોઈ તકલીફ નહિ પછી તે આ ગરમીની હોય કે પોતાની ગરીબીની હોય. પોતે જે ગરીબીમાં ડૂબેલા હતા તે એટલા માટે કે પોતે ઉચ્ચ વર્ણના નહોતા, તેમની અદ્‌ભુત કવિતાઓની એટલા માટે જ તો કોઈએ નોંધ નહોતી લીધી,પરંતુ તેથી કઈ તેમનામાં કડવાહટ પણ નહોતી આવી ગઈ.

સાંભળે છે? કબીરે ખુબ જ હળવા અવાજે પોતાની પત્ની જે રસોડામાં કામ કરી રહી હતી તેને બુમ પાડી.

મારા માટે એક ફાનસ સળગાવી લાવીશ?

કઈક દસ મિનીટ પછી તેમની પત્ની બહાર આવી અને ફાનસ કબીરની બાજુમાં મુક્યું. નાની અમથી વાટમાંથી આવતી ઝળઝળાહટની સૂર્યના પ્રચંડ પ્રકાશ સામે કોઈ વિસાત નહોતી, છતાં તે સ્થિરતાથી પ્રકાશી રહી હતી.

આપણા ઘરે મહેમાન આવ્યા છે, કબીરે પોતાની પત્નીને કહ્યું, તેમના માટે થોડો ગોળ અને પાણી લાવીશ?

એ દિવસોમાં, શ્રીમંતો આગંતુકોનું સ્વાગત મીઠાઈ અને પાણી પીરસીને કરતા હતા. મધ્યમ વર્ગના લોકો આમળાનો મુરબ્બો પીરસીને કરતા, તો ગરીબ લોકો છે તે પોતાના મહેમાનને ગોળ અને પાણી આપતા.

ગોળ તો બરાબર છે, પરંતુ કોણ પાગલને આ ધોમધખતા સુર્યની હાજરીમાં ફાનસની જરૂર પડે છે? છતાં, પણ પેલો વ્યક્તિ તો એક શબ્દ પણ બોલ્યો નહિ અને બસ બધું જોયા કર્યું.

બીજી દસ મિનીટ વીતી હશે, જો કે એ દસ મિનીટ બહુ લાંબી અનુભવાઈ, ફરી તેમના પત્ની એક હાથમાં પાણીનો પ્યાલો અને બીજા હાથમાં નમકીન નાસ્તો લઇને આવ્યા. કબીરે પોતાની પત્નીનો આભાર માન્યો અને નાસ્તો મહેમાનને આપ્યો.

આ શું પાગલપણું ચાલી રહ્યું છે? સૌ પ્રથમ તો આ બાઈ એમના માટે ભરબપોરે ફાનસ સળગાવી લાવે છે અને પછી જયારે કબીર ગોળ માંગે છે, તો તે નમકીન લઇને આવે છે. હું જ મહામુર્ખ છું કે અહી આવીને કોઈ જ્ઞાન મેળવવાની અપેક્ષા રાખું છું.

તમને લાગી રહ્યું હશે કે હે ભગવાન! આ શું ચાલી રહ્યું છે અહી, કબીરે તેમનું મન જાણી લેતા કહ્યું. હું બળબળતા બપોરે જયારે ફાનસ લાવવાનું કહું છું ત્યારે મારી પત્ની એક શબ્દ પણ બોલ્યા વગર લઈ આવે છે, અને હું જયારે ગળ્યું લાવવાનું કહું છું તો એ તમારા માટે નમકીન લઇને આવે છે.

સાચું કહું તો મને ખુબ જ નવાઈ લાગી રહી છે. પેલા વ્યક્તિએ કબુલાત કરતા કહ્યું.

જો, મિત્ર, સુખી લગ્નજીવનનું રહસ્ય એ છે કે એમાં બિનજરૂરી દલીલોને ટાળવી અને એ દલીલો પણ મોટાભાગે તો નજીવી બાબતો માટે જ થતી રહેતી હોય છે. દરેક દલીલ એ મન પર પડતા એક મોટા ફટકા જેવી હોય છે અને જો એના માટે નજરચૂક થઇ તો, એક દિવસ એ લગ્નને ભાંગી શકે છે. મારી પત્ની મને એવું પૂછી શકી હોત કે, અત્યારે આ સમયે મારે ફાનસ શા માટે જોઈએ છીએ, પણ તેણે મારા ઉપર વિશ્વાસ રાખ્યો, એ જાણતી હતી કે મારી આવી વિચિત્ર વિનંતી પાછળ પણ કઈક કારણ હશે. અને જયારે તે ગોળની જગ્યાએ નમકીન લઇ આવી, ત્યારે હું સમજી ગયો હતો કે કદાચ ઘરમાં ગોળ પતી ગયો હશે. માટે મેં તેને સવાલ કર્યા વગર તેના ઉપર વિશ્વાસ રાખ્યો. એકબીજા ઉપરનો વિશ્વાસ અમને બન્નેને જરૂરી એવી મોકળાશ આપે છે, જેમાં અમે બન્ને અમારાથી બનતું શ્રેષ્ઠ કરી શકીએ છીએ.

અને આવો વિશ્વાસ અમે કેવી રીતે ઉભો કરી શકીએ? પેલા વ્યક્તિએ કબીરને પૂછયું.

વ્યાજબી વાત કરવાથી, પ્રમાણિક બની રહેવાથી, અને ધીરજ દાખવવાથી. કબીરે જવાબ આપતા કહ્યું.

એવું બહુ બધી વાર બનતું હોય છે, જો કે, મને તો એવું ઘણી બધી વાર સાંભળવા પણ મળતું હોય છે, કે બે વ્યક્તિઓ ઘણા લાંબા સુધી પરણીને સાથે તો રહેતી હોય છે, પરંતુ તેમ છતાં તેઓ પોતે એકબીજા માટે ન બન્યા હોય એવું લાગતું હોય છે. મારી પત્ની



મારું કહ્યું સાંભળતી નથી, મારો પતિ મને બિલકુલ સમજતો જ નથી, મને જે ગમે તેમાંનું કશુંય મારી પત્નીને ગમતું નથી, મારો પતિ ઘરકામમાં બિલકુલ મદદ કરતો નથી, અમારી પસંદ એકબીજા સાથે મળતી નથી, અમારા બન્નેની દુનિયા જોવાની રીત બિલકુલ વિરુદ્ધ છે, અમને બન્નેને જીવન પ્રત્યે જુદી જ અપેક્ષાઓ છે.

સત્ય તો એ છે કે સંબંધોમાં સુસંગતતા જાળવવા માટે બન્ને જણાએ પ્રયત્ન કરવો પડે. જો તમે એમાં રહેલી શક્યતાઓ માટે ખુલ્લા થઇ જાવ, તો તમને એકબીજાની પસંદગીઓ પસંદ પડવા લાગશે. જો કે એવું રાતોરાત તો ન જ થાય, પણ અંતે એ થશે તો ખરું જ. તકલીફ ત્યારે જ ઉભી થતી હોય છે જયારે આપણે સંબંધમાં એક આરામદાયકતા અને ફાયદો મેળવવા માટે મહેનત નહિ કરતા બસ આશા રાખીને જ બેસી રહીએ. કોઈની સાથે લગ્ન કરવા એ એક નોકરીના કરારનામા ઉપર સહી કરવા બરાબર છે, એ બતાવે છે કે તમે હવે એમાં કટિબદ્ધ છો. તમને કદાચ શરૂઆતમાં તેના ઉપર સહી કરવા માટેનું થોડું બોનસ મળી જાય, પરંતુ ખરું કામ તો તમે જયારે સંબંધ ઉપર કામ કરવા લાગો છો ત્યારે જ શરુ થતું હોય છે. જેમ કે આપણી તંદુરસ્તી જાળવવા માટે આપણે આપણા પેટમાં શું જઈ રહ્યું છે તેના ઉપર નજર રાખતા હોઈએ છીએ તેવી જ રીતે આપણા સંબંધની રક્ષા અને માવજત કરવા માટે, આપણે શું કરીએ છીએ તેના ઉપર ધ્યાન આપવું જરૂરી હોય છે. પ્રમાણિક પ્રયત્નો કરો, ઈરાદાઓ શુદ્ધ રાખો, ભલા શબ્દો ઉચ્ચારો, સંબંધમાં એક પ્રમાણિકતાભર્યા કર્મો કરતા રહો, અને તમને તે મુજબના પરિણામોની પ્રાપ્તિ થતી રહેશે. ફક્ત એક જ બાબતની સાવધાની એ રાખવાની છે કે, અને તે મહત્વનું પણ છે, અને તે એ જ કે આ તો જ કામ કરશે, જો તેમાં બન્ને બાજુથી સામુહિક પ્રયત્ન થતો હશે તો.

કોઈ વખત, જે કામ ઝઘડા કરવાથી, દલીલો કરવાથી, બોલાચાલી કરવાથી કે ધમકીઓ આપવાથી નથી થતું હોતું તે કામ પ્રેમથી અને સામે વાળી વ્યક્તિને પ્રોત્સાહન આપવા માત્રથી થઇ જતું હોય છે. માટે, હું માનું છું કે, જયારે સમય કસોટી કરી રહ્યો હોય ત્યારે, તમારે તમારો મુદ્દો સાબિત કરવાને બદલે, તમારી જાતને એ પ્રશ્ન પૂછવો જોઈએ કે, હું આ વ્યક્તિને મારો દ્રષ્ટિકોણ સમજાવવા માટે કેવી રીતે પ્રોત્સાહિત કરી શકું? અથવા વધારે સારો સવાલ એ  હોઈ શકે કે, મારે તેનો દ્રષ્ટિકોણ સમજવા માટે શું કરવું જોઈએ? બસ આટલું કરવાથી જ બધો ફરક પડી જતો હોય છે. એ સજાગતાની ક્ષણમાં જ, તમે એકબીજાને દુઃખદાયી શબ્દો કહી દેવાની ભૂલને ટાળી શકશો.

જયારે-જયારે પણ એક દલીલ ટાળવામાં આવે ત્યારે ત્યાં થોડા પ્રેમની કમાણી થઈ જતી હોય છે. તમારી પાસે જેટલો વધુ પ્રેમ એકત્રિત થયેલો હશે, એટલો જ વધુ તમે જયારે તેની સૌથી વધારે જરૂર પડે ત્યારે ખર્ચ પણ કરી શકશો. પ્રેમ એ ઠંડા થઇ ગયેલા બે હૃદયોમાં ઉષ્મા ભરી દેતો હોય છે. જો તમે પ્રેમમાં હોવ અને જો તમે એ સંબંધ બરાબર કામ કરી શકે એવું ઈચ્છતા હોવ તો, ફક્ત પ્રેમ અને તેના પરિણામ સ્વરૂપે બીજા સદ્‌ગુણો જેવા કે ભલાઈ, કાળજી, મૃદુતા, સમાનુભૂતિ વિગેરે થી જ તેમાં બદલાવ લાવી શકશો.

**મેં રીડર્સ ડાઈજેસ્ટમાં એક વખત આ વાંચ્યું હતું:**

એક માં પોતાની દીકરીને ડેટિંગ ઉપર ટીપ્સ આપી રહી હતી. જો ધ્યાન રાખજે, જેન, તેને કહ્યું, જે પણ પુરુષને તું મળતી હોય તેના અને તારા શોખ એકસરખા નહિ તો ઓછા નામે મળતા તો હોવા જ જોઈએ. જો એને પણ તારા જેવું જ ભોજન ભાવતું હોય, તમને બન્નેને એકસરખી ફિલ્મ જોવી ગમતી હોય, જો એની અને તારી સંસ્કૃતિ એક જ હોય અને તમે બન્ને એક જ ધર્મનું પાલન કરતા હશો તો, પછી લગ્નજીવનમાં બીજું બધું એકદમ સરળ થઈ જશે.

પણ, મોમ, જીવનને જો જીવંત રાખવું હોય તો તેમાં થોડા તફાવતો જોઈએ. દીકરીએ દલીલ કરતાં કહ્યું. મેં વાંચ્યું હતું કે વિરોધાભાસથી એકબીજા પ્રત્યેનું આકર્ષણ વધે છે!

જેન! ફક્ત અને સ્ત્રી અને પુરુષ હોવું એટલો વિરોધાભાસ કાફી છે. બહુ બધા વિરોધાભાસની આપણને કશી જરૂર નથી!

નિઃશંક, સંબંધો કોઈ વખત તકલીફભર્યા બની જતા હોય છે, પણ તમે જો આજુબાજુ નજર કરશો (કે પછી અંદર તરફ ઝાંખશો), તો તમને જણાશે કે આપણે મનુષ્યો એકબીજા વગર રહી શકતાં હોતા નથી. એકલવાયાપણું કેટલાય લોકો માટે ખુબ જ તણાવભર્યું બની જતું હોય છે. અને, જો તમે કોઈ સંબંધમાં બંધાવાના જ હોવ, તો પછી તમે તેને ટકાવી પણ રાખો. હા, હા, હું જાણું છું કે તમે તમારા સંબંધોમાં તકલીફનું કારણ નથી, વાંક તો પેલાનો કે પેલીનો જ હોય છે, એવું તમે કહેશો. પણ હું તમને એના ઉપર પુનઃ વિચાર કરવાનું કહું છું. કોઈ વખત, સામેવાળી વ્યક્તિની અંદરથી શ્રેષ્ઠ કે ખરાબ બહાર કાઢી લેવાનું કામ આપણી અંદર શું ભરેલું છે તેના ઉપર પણ નિર્ભર કરતુ હોય છે.

હા, તો હું એવું કહી રહ્યો હતો કે જો તમારે કોઈ સંબંધમાં બંધાવું જ હોય તો તમે એને સફળ બનાવવા માટે કામ પણ કરો સખત ખંતપૂર્વક. એનાંથી હંમેશાં ફાયદો જ થશે.

# શ્રી અમુલખ અમીચંદ ભીમજી વિવિધલક્ષી વિદ્યાલય દ્વારા 'આમ પ્રોજેક્ટ' હાથ ધરાયો









માટુંગા સ્થિત શ્રી ગુજરાતી કેળવણી મંડળ સંચાલિત શ્રી અમુલખ અમીચંદ ભીમજી વિદ્યાલક્ષી વિદ્યાલયમાં શુક્રવાર તા. ૧૨ જુલાઈના રોજ 'પૃથ્વી' દિવસીની ઉજવણી કરવામાં આવી. જલવાયું પરિવર્તનના કારણે ભયાનક સ્તરે વધી રહેલ ગ્લોબલ વોર્મિંગ અને તેની આડઅસરોથી વિદ્યાર્થી પાલક તેમજ સમાજમાં જાગરૂકતા લાવવાના ઉદ્દેશથી પ્રતિવર્ષ જુલાઈ મહિનામાં શાળામાં પૃથ્વીદિવસ ઉજવવામાં આવે છે. તેના ભાગરૂપે આ વર્ષે એક ઉમદા પહેલ તરીકે શ્રી ગુજરાતી કેળવણી મંડળના માનદ્ સેક્રેટરી શરદભાઈ શાહની દીર્ઘદ્રષ્ટિના ફળ સ્વરૂપ 'આમ પ્રકલ્પ' હાથ ધરવામાં આવ્યો. 'આમપ્રકલ્પ'માં શ્રેણિક તથા તેમની ટીમના સભ્યો દ્વારા વિદ્યાર્થીને એક્ટીવીટીના માધ્યમ દ્વારા બીજ વાવી વૃક્ષારોપણ કરવાની યોગ્ય રીત દર્શાવવાના તથા કરાવવાના આવી. આ સંપૂર્ણ પ્રકલ્પ સાકાર કરવામાં શાળાના આચાર્યા શ્રીમતી ઉમાબેન ચૌધરીનું અભૂતપૂર્વ યોગદાન રહ્યું. વાલીઓએ પણ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બીજારોપણ બાદ બાળકોએ પોતાની હાથે ઉગાડેલા રોપને મનગમતું નામ પણ આપ્યું હતું.

એકંદરે 'પૃથ્વી દિવસ'ના માધ્યમ થકી વિદ્યાર્થીઓમાં તેમજ સમાજમાં પર્યાવરણ રક્ષણની મોહિમ આચાર્યાશ્રીએ વર્ષો પહેલા શરૂ કરી છે. તેને જાળવી રાખતો સુંદર પ્રયાસ શિક્ષકો, વિદ્યાર્થીઓ, તેમજ પાલક વર્ગે મળીને સાકાર કર્યા. આ સંપૂર્ણ કાર્યમાં શાળાના પ્રમુખ પ્રવીણભાઈ શાહ, માનદ સેક્રેટરી હસમુખભાઈ શાહ તથા અન્ય સર્વે હોદેદારોનો બહુ મૂલ્ય સહકાર પ્રાપ્ત થયો હતો.

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કાં.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

EXPORT BENEFITS
• FRESH IEC
• IEC MODIFICATION
• EPCG REDEMPTION
• ADVANCE LICENCE REDEMPTION
• DRAWBACK REFUND
MEIS LICENCE
(APPLICATION PREPARATION + VERIFICATION)
9820936980

PHASE - 1 Nearing Possession
*Limited Inventory Left!*




ROOFTOP FACILITIES
Library Jacuzzi Kids Play Area Lounge Sports Pavillion
1,2,3 BHK Homes Starting @ Rs.1.13 Cr*
Tel: +91 9967073340
www.ghatkopar-avenue.com.
*T&C apply MahaRERA : P51800000229 Registration number- A51800014323




આહાર અને યોગ્ય જીવનશૈલી માટે અનુભવી ડૉક્ટરોની સલાહ
અને મહત્વની તપાસણી કરાવો અને આખુ વર્ષ આરોગ્યનું રક્ષણ કરો
નિદાન હૃદય સંગિની કેઅર પ્લાન
માધવબાગ હૃદય સંગિની
₹4900 ફક્ત ₹599
તમે બચાવશો ₹4301
કેઅર પ્લાન ૧ વર્ષ માટે
પ્લાન અંતર્ગત : કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટ્રેસ ટેસ્ટ, ૫ ઈ.સી.જી., ૫ એસ.પી.ઓ.ટૂ., ૫ આર.બી.એસ. (રેન્ડમ બ્લડ શુગર), ૫ હાર્ટ રેટ, ૫ બી.એમ.આય., ૫ બી.પી. અને ૫ વૈદ્યકીય સલાહ, ડાયટ ચાર્ટ ૧ વર્ષ માટે
કોલ કરો
8530462255
માધવબાગ
એડ્રસ - માધવબાગ ક્લિનીક, નવદુર્ગા એપાર્ટમેન્ટ, પહેલા માળે, ઓધડભાઈ લેન, હોટલ પુજા પાસે, ઘાટકોપર(ઈસ્ટ).
તેમજ લોગ-ઈન કરો www.madhavbaug.org 200 ક્લિનિક્સ • 2 હૉસ્પિટલ્સ • 25 ઓપીડીઝ

# જ્ઞાનપિપાસુઓ માટે આ.ભ.યુગભૂષણ સૂરી.મ.સા.નું ચાતુર્માસ અત્યંત લાભકારી સાબિત થશે

Power House of Knowledge સમાન પરમ પૂજ્ય મુનિપ્રવર શ્રી મોહજીત વિજયજી મ.સા.ના સમુદાયવર્તી Save Shikharjiના માર્ગદર્શક, Youngsters ના Best Mentor, યોગમાર્ગના secretsનો સરળતાથી બોધ કરાવનાર એવા આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યુગભૂષણ સૂરીશ્વરજી મ.સા.નો અષાઢ સુદ બીજના શુભદિવસે ઘાટકોપર નવરોજી લેન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘમાં વેલ એજ્યુકેટેડ ટેલેન્ટ એવા ૫૮ સાધુ સાધ્વીના વિશાળ સમુદાય સાથે હજારો લોકોની ઉપસ્થિતિમાં શાનદાર પ્રવેશ થયો.



રાજનીતિ, અર્થશાસ્ત્ર, જૈન બાયોલોજી, એસ્ટ્રોલોજી, ફીઝીક્સ, મેટાફીઝીક્સ, નેશનલ અને ઈન્ટરનેશનલ પોલીટીક્સ, સાયન્સ, મોર્ડન એજ્યુકેશન વગેરે વિવિધ જ્ઞાનની શાખાઓમાં અભ્યાસ કરી ટ્રાન્સપરન્ટ વિઝન ધરાવનારા એવા ટાવરીંગ પર્સનાલિટી એટલે જ આચાર્ય યુગભૂષણસૂરીજી (નાના પંડિત મ.સા.)

આટલા બુદ્ધિશાળી, પ્રતિભાસંપન્ન, મોબાઈલ લાઈબ્રેરી કહી શકાય એવા તેઓશ્રી યોગ અને અધ્યાત્મનાં માર્ગથી Spellbound થયાએ જ બતાવે છે કે આ યોગ -આધ્યાત્મના ગ્રંથ કેટલા રોચક હશે !!

તેમને પ્રભાવિત કરનાર ગ્રંથોમાંનો એક ગ્રંથ એટલે 'યોગદ્રષ્ટિ સમુચ્ચય' જે આખી ઈનર પર્સનાલીટીમાં ચેન્જ લાવવાની, પાયામાંથી બદલવાની જબરદસ્ત તાકત ધરાવે છે.

આ ગ્રંથના રચયિતા આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરની ઓળખાણ આપતા પૂ. સાહેબજીએ કહ્યું કે, તેઓ જન્મથી બ્રાહ્મણ! વૈદિક ધર્મનાં ચુસ્ત અનુયાયી! ધુરંધર વિદ્વાન હતા, પરંતુ વર્ષોથી તેમને જૈન ધર્મ માટે prejudice ! છતાં તેમનામાં એવી બે મહત્વની વિશેષતા હતી જે તેમને જૈન શાસનમાં ખેંચી લાવી એક તો તેમની Inner Honesty અને બીજી સત્ય શોધક દ્રષ્ટી એટલે કે Craving for Truth.

Inner Honesty એટલે ઈન્ટરનલ અવેરનેસ, નો સેલ્ફ ચીટીંગ, અંદરના અવાજને દબાવવું નહીં પણ પ્રામાણિકતાથી સત્ય સ્વીકારવું આ ગુણનાં કારણે વ્યક્તિ આપમેળે સત્ય તરફ ખેંચાઈ આવશે અને Fundamental Truth ને ક્યારે પણ Refute ન કરવું પરંતુ ઓપન માઈન્ડથી તેની શોધ કરવી અને મળે તો પ્રામાણિકતાથી સ્વીકારવું ન સમજાય તો ન્યુટ્રલ રહેવું પણ સમજાય કે આ જ સત્ય છે, તો પછી તેને સ્વીકાર કરવું આ સત્ય શોધકતા, સત્ય નિષ્ઠા છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે આ બે ગુણો લાયકાતરૂપે ખૂબ મહત્વના છે અને જો આપણા જીવનમાં આ બે ગુણો આવી જાય તો ઈનર પર્સનાલીટીમાં સુધારો આવે. આ આખા ગ્રંથમાં યોગમાર્ગનું જે સુંદર રીતે વર્ણન હરીભદ્રસૂરીએ કર્યુ તે યોગદ્રષ્ટિસમુચ્ચય ગ્રંથ પૂજ્યશ્રી સોમવારથી શનિવાર સવારના ૭.૧૫ થી ૮.૩૦ દરમ્યાન વાંચશે.

આજે સ્પોટ્સમેન, ઈન્ડસ્ટ્રીયલીસ્ટ, સેલીબ્રીટીઝને લોકો રોલ મોડલ તરીકે સ્વીકારે છે પણ તેનાથી મોરલ વેલ્યુઝ, ફેમેલી બોંડીંગ, સોશ્યલ એથીક્સ વગેરેથી તમારૂ જીવન સમૃદ્ધ થયું કે? જ્યારે આર્ય પરંપરામાં થયેલા મહાપુરૂષો, તેમના જીવનની ૧-૧ ઘટનાઓ, તેમના ઉચિત વ્યવહાર તે બધાથી આદર્શ ગ્રહસ્થ જીવન કેવું હોય તેની ઘણી પ્રેરણા મળે એવો આ દેવભદ્રસૂરિ રચિત પાંડવ ચરિત્ર ગ્રંથ છે. વ્યાસમુનિનું મહાભારત ઘણું પ્રસિદ્ધ છે. જૈન મહાભારત ઘણાએ સાંભળી હશે. સીરીયલ પણ જોઈ હશે. તેની પણ કમ્પેરેટીવ વાતો પૂજ્યશ્રી દર રવિવારે ૯.૦૦ થી ૧૨.૦૦માં કરશે.

ઘાટકોપર જૈન જગત
परस्परोपग्रहो जीवानाम्

સાથે સાથે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય કલ્પભૂષણ સૂરીશ્વરજી મ.સા. ચાણક્યના જીવનના ગંભીર રહસ્યો અંગેની દરરોજ રાત્રે ૮.૪૫ - ૯.૪૫ના પ્રવચનમાં માહિતી આપશે. તેમ જ અન્ય મહાત્માઓ દ્વારા યોગદ્રષ્ટિ સમુચ્ચય સંસ્કૃત ટીકા, ત્રિશષ્ટિ શલાખા પુરૂષ આદિ ગ્રંથોનું સંસ્કૃત વાંચન, સૂત્રોનાં અર્થ, સંસ્કૃત ભાષાના પાઠો, જ્ઞાનસાર, શાંતસુધારસ આદિ અનેક પાઠો ચાલુ છે.

પૂજ્યશ્રીના બેન મ.સા. પણ વિદ્વાન અને શાસ્ત્રો ભણેલા અત્યંત પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનારા અને પ્રવર્તીની પદવીધારી છે. સાથે સાથે પ્ર.સા. શ્રી. કલાનિધિશ્રીજી આજની યંગ જનરેશનને પોતાની સરળ શૈલીમાં તત્વ પીરસવામાં નામ (અનુસંધાન ૧૦માં પાને)

# ઘાટકોપર જીરાવલ્લા દેરાસર ખાતે અચલગચ્છના સાધ્વીશ્રી અભયગુણાશ્રીજી મ.સ.આદિઠાણા ૫નો પ્રવેશ









ઘાટકોપરના સૌથી જુનુ દેરાસર એટલે દેરાસર લેનમાં આવેલ જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર. આ દેરાસરના સંઘમાં આ વર્ષે ચાતુર્માસ માટે અચલગચ્છના સાધ્વીશ્રી અભયગુણાશ્રીજી મ.સ. આદિ ઠાણા-૫ તા. ૧૧-૭-૨૦૧૯ને ગુરૂવારે પધારેલ ૬૦ ફીટ રોડ પર અનંત છાયા દેરાસરથી તેમની પ્રવેશ યાત્રા શરૂ થઈને આરાધના દેરાસર દર્શન કરી શુભ મુહુર્તે જીરાવલ્લા દરબારે પ્રવેશ કરેલ. વિશાળ સંખ્યામાં ઘાટકોપર વાસીઓ, મુંબઈના વિવિધ પરાઓમાંથી સેંકડો ગુરૂભક્તો પણ પધારેલ. કાર્યક્રમનું સંચાલન સંઘના મંત્રી હેમલ પાસડે કરેલ. સૌને આવકાર સંઘના સલાહકાર જતીન છેડાએ આપેલ.

પ્રાસંગીક પ્રવચનમાં પ.પૂ. સાધ્વીજી જૈનમગુણાશ્રીજીએ જણાવેલ કે 'આજે તમોએ અમારો ચાતુર્માસ પ્રવેશ તો કરાવ્યો પણ આપના જીવનમાં ધર્મનો પ્રવેશ ક્યારે થશે ? જીવનમાં ભાગદોડ, કુટુંબ વ્યવહાર એટલા વધી ગયા છે કે ધર્મ-આરાધના કરવા સમય કાઢવો કપરો બનેલ છે. આ ધર્મની મોસમ આવી છે. ૨૪ કલાકમાં ફક્ત ૧ કલાક પ્રવચન સાંભળવા પધારો અને બીજી જેટલી આરાધના થાય તે કરો.'

સાધ્વીજી યુવા વયના છે. પ્રચંડ અવાજ શક્તિ ધરાવે છે. યુવા વર્ગને ધર્મની સાચી સમજણ કેમ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. દરરોજ વ્યાખ્યાન ૮.૪૫ થી ૯.૪૫ રહેશે.


# ઘાટકોપરના જૈન સંઘોને આમંત્રણ

**ઘાટકોપર જૈન જગત કોલમમાં સમાચારો પ્રકાશિત કરવા માટે કોલમ સંકલનકાર**
**મયુર લોડાયા - ૯૩૨૨૩૧૧૧૪૬ તથા પ્રવર કોટીચા - ૯૨૨૩૪૩૪૪૬૦ નંબર પર સંપર્ક કરવો અથવા**
**વોઈસ ઓફ ઘાટકોપરના કાર્યાલય એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈ) ખાતે મોકલી શકાશે.**

**આપના ન્યુઝપેપર વેન્ડર પાસે વોઈસ ઓફ ઘાટકોપરની કોપી દર શુક્રવારે મેળવી લેશો**

# ચાતુર્માસ – 'ધર્મ આરાધનાની અદ્‌ભૂત મોસમ – વિરલ સોમાણી

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ એ પ્રાણ સમાન છે. જેમ શરીરને ટકાવી રાખવા માટે સમગ્ર શરીરમાં પ્રાણવાયુનો સંચાર થતો રહેવો જરૂરી છે, તેવી જ રીતે જીવન-અસ્તિત્વને ટકાવી રાખવા માટે ધર્મ એ ભારતીય સંસ્કૃતિમાં શરીરનાં પ્રાણવાયુ સમાન મહત્ત્વ ધરાવે છે.

ભારતવર્ષનાં પ્રમુખ ત્રણ ધર્મો એટલે કે જૈન ધર્મ, હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ છે. જૈન અને બૌદ્ધ ધર્મ શ્રમણ પરંપરાને અનુસરનાર ધર્મ છે જ્યારે હિન્દુ ધર્મ વૈદિક પરંપરાગત છે. આ ત્રણેય ધર્મને વિશેષમાં આર્ય-ધર્મ પણ કહેવાય છે, જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન ધાર્મિક રીત-રીવાજો પ્રમાણે ચોક્કસ ધર્મ-આરાધના થતી જોવા મળે છે.

તેમાં પણ આ ત્રણેય આર્ય પરંપરામાંથી જૈન અને હિન્દુ દર્શનમાં તો સમગ્ર વર્ષનાં ચોક્કસ વાર-તહેવારમાં પણ ધર્મ વણાયેલો જોવા મળે છે. આ વાર-તહેવારો માત્ર મનોરંજન કે આનંદ ખાતર જ નહિ પરંતુ તેથી વિશેષ તેની સાથે વણાયેલા આરાધના-ઉપાસના સાથેના વ્યક્તિગત આત્મિક ઉત્કર્ષ સાથે પણ સંકળાયેલા હોય છે.

દા.ત. ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર દિપાવલી અર્થાત દિવાળી પણ હિન્દુ અને જૈન ધર્મની તેમની શ્રદ્ધા અને માન્યતા પ્રમાણે અનેરા આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. અહી વર્ષ દરમ્યાન આવતા વિશેષ અન્ય તહેવારોની ધર્મ સાધના સાથે વિશેષ ચર્ચા કરવી અસ્થાને લેખાશે. પરંતુ ટૂંકમાં કહી શકાય કે દરેક આર્ય પર્વ કે ઉત્સવ મનોરંજન અને આનંદ ઉલ્લાસ સાથે ધાર્મિક પરંપરા મુજબ પણ તેનું આગવું મહત્ત્વ ધરાવતા હોય છે. માટે જ અગાઉ જણાવ્યા પ્રમાણે ધર્મ-આરાધના એ શ્રમણ અને વૈદિક બંને સંસ્કૃતિના પ્રાણ સમાન બની રહી છે.

આ પ્રમાણે થોડુંક ઊંડાણમાં જોઈએ તો ભારતીય પરંપરામાં સમગ્ર વર્ષ દરમ્યાન રોજીદા જીવનમાં ધર્મ વણાયેલો જોવા મળે છે. દા.ત. કોઈ સવારમાં ઉઠીને સ્નાન વગેરે કરીને પૂજા કરવા દેહરાસર જતું જોવા મળે છે, તો કોઈ મંદિરે દર્શન કરવાનો નિયમ ધરાવતો હોય છે. વળી કોઈ ઘર બેઠા જ રોજ એક સામાયિક - પ્રતિક્રમણ આદિ કરવું કે દાન આદિ કરવું તેવો નિયમ પણ ધરાવતો હોય છે. કોઈ સમગ્ર વર્ષ દરમ્યાન નવકારશી કે ચાવિહારનું તપ કે વળી સહુ કોઈ પોતાની અનુકુળતા પ્રમાણે નાની મોટી ધર્મ આરાધના કે નિયમ ધારણ કરતું રહેતું હોય છે.

મુંબઈમાં તો લોકલ ટ્રેનમાં એવા શ્યો જોવા સામાન્ય છે કે સવારે કોઈ ઘરેથી ઓફિસ જવા નીકળે ત્યારે લોકલ ટ્રેનમાં બેસે કે તરત જ પોતાની શ્રદ્ધા પ્રમાણેનાં આરાધ્ય દેવનું કોઈ પૂજા-પાઠ કે સ્ત્રોત્રનું નાનકડી પુસ્તિકામાંથી રોજીંદો પાઠ કરતા જોવા મળે છે. આ બધી ઉપરોક્ત વાત તો થઈ રોજીંદા જીવનલક્ષી ધર્મ-આરાધનાની વાત.

પરંતુ તેથી વિશેષ દર મહિનાની પાંચમ, આઠમ, ચૌદસ, પૂનમ વગેરે પર્વ તીથીમાં આયંબિલ, ઉપવાસ, એકાસણા આદિ કે છેવટે નવકારશી કે ચોવિહાર વગેરે તપ અથવા તો તે દિવસોમાં કંદમૂળ આદિ લીલોતરીનો ત્યાગ કરાતો જોવું કે પછી સામાયિક - પ્રતિક્રમણ આદિ વિશેષ ક્રિયા કરાતી જોવી એ શ્રદ્ધાળુ જૈન પરિવારમાં સામાન્યતઃ જોવા મળતું હોય છે. તેમજ હિન્દુ પરંપરા મુજબ પણ દર મહિનાની 'એકાદશીનું અપૂર્વ ધાર્મિક મહત્ત્વ છે અને તે દિવસ ઘરે કે મંદિરમાં શ્રદ્ધાળુઓ ભાવપૂર્વક વ્રત-ઉપવાસની આરાધના કરતા જોવા મળે છે.

વળી, ઉપરાક્ત પર્વ-તિથીને શારીરીક તપની દષ્ટિએ ધર્મ શ્રદ્ધા કે આરાધનાનાં ભાવથી છોડીને પણ માત્ર વૈજ્ઞાનિક ષ્ટિએ વિચારીએ તો પણ, તે આપણા શરીર અને મનની તંદુરસ્તી માટે પણ અત્યંત લાભદાયક પૂરવાર થયા છે. અર્થાત્ કોઈ વ્યક્તિ વિશેષ ધર્મ શ્રદ્ધા ન ધરાવતો હોય પરંતુ મહિનામાં બે કે ત્રણ દિવસ જો શરીરને ખૂબ જ ઓછા પ્રમાણમાં આહાર આપે કે નહિ આપે તો તેનું તન અને મન બંને સ્વસ્થ રહેશે તેવું તો આહાર શાસ્ત્રીઓ પણ હવે કેટલાય વર્ષોથી સ્વીકારતા થયા છે.

આ તો થઈ તે ધર્મ-આરાધનાની વાત જે ભારતીય સંસ્કૃતિમાં આપણા રોજીંદા જીવન દરમ્યાન અને દર મહિનાની વિશેષ પર્વ તીથી દ્વારા પણ કેવી રીતે વણાયેલા છે તે! પરંતુ વર્તમાન સમયમાં અનુસંધાનમાં મુખ્ય વાત એ કરવાની છે કે સમગ્ર વર્ષને લક્ષમાં રાખીને પણ ભારતીય ધર્મ પરંપરામાં એવો એક ચોક્કસ સમય ફાળવવામાં આવ્યો છે કે જે આપણને વિશેષતઃ ધર્મ-ક્રિયામાં જોડવામાં માટે પ્રેરિત કરે છે. તે સમય છે ''ચાતુર્માસ પર્વ''.

ચાતુર્માસ એટલે વર્ષ દરમ્યાનનાં એક ચોક્કસ ચાર મહિનાનો ગાળો જેમાં ધર્મ આરાધના વિશેષ પ્રમાણમાં થતી હોય છે. આ ચાર મહિનાને જ જૈન દર્શનમાં 'ચાતુર્માસ કહેવાય છે. બૌદ્ધ દર્શન માં આ જ ચાતુર્માસને 'વર્ષાકાળ કહેવામાં આવે છે. વળી વૈદિક પરંપરામાં પણ આ ચાર્તુમાસમાં ધાર્મિક દષ્ટિકોણથી વિશેષ આરાધના થતી હોય છે. તેથી જ એમ કહી એ તો ખોટું નથી કે જન-સમાજમાં સૌથી વધુ ધર્મ આરાધના આ ચાતુર્માસ દરમ્યાન થતી જોવા મળે છે.

ચાતુર્માસ એ વર્ષનો એવો સમય છે જે ભારતીય સમય-કાળ પ્રમાણે આવતી ત્રણ મુખ્ય ઋતુમાં ચોમાસાની ઋતુનાં દિવસો હોય છે. આ દિવસો (ચાતુર્માસ) દરમ્યાન સમગ્ર ભારત વર્ષમાં વધતો-ઓછો વરસાદ વરસોતો જોવા મળે છે.

આર્ય પરંપરામાં અને તેમાં પણ મુખ્યત્વે જૈન પરંપરામાં આ ચાર્તુમાસમાં વિશેષ ધર્મ-આરાધના વધારે થતી હોય છે. તેનું કારણ એ છે કે જૈન દર્શનની પરંપરા મુજબ સમગ્ર વર્ષમાં માત્ર ચોમાસાનાં આ ચાર મહિના (ચાતુર્માસ) દરમ્યાન જ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો એક સ્થ ાને સ્થિરતા ધારણ કરે છે. તે ચાર મહિના એટલે 'અષાઢ સુદ પૂનમથી લઈને કારતક સુદ પૂનમ સુધી એક જ સ્થાનકે બિરાજમાન થઈને શ્રાવક-શ્રાવિકાઓને ધર્મ આરાધના કરાવે છે.

વર્ષાકાળનાં સમયે 'વિચરણ દરમ્યાન છ કાયનાં જીવોની રક્ષા કાજે (કારણ કે વર્ષાનાં સમયે નાની મોટી જીવાતો, સૂક્ષ્મ જીવોની ઉત્પત્તી વધુમાં વધુ થતી હોય છે) તેમજ તે ઉપરાંત વર્ષમાં એક વખત એક સ્થાને લાંબો સમય રહેવાથી ધર્મ-પ્રેમી જનતાને વધુને વધુ ધર્મ-આરાધનાનો લાભ પહોંચાડી શકાય તેવા શુભ આશયથી ચાતુર્માસનાં ચાર મહિના સાધુ-સાધ્વીજી ભગવંત એક સ્થાન માં સ્થિરતા ધારણ કરે છે.

કહેવાય છે કે 'સાધુ તો ચલતા ભલા... એ ન્યાયે વર્ષનાં ચાર્તુમાસ સિવાયનાં બાકીનાં આઠ મહિના સાધુ-સંતોનું એક સ્થાથી બીજા સ્થાને (એક ગામ-નગર થી બીજા ગામ-નગર કે શહેર) વિચરણ (વિહાર) સતત થતું રહેતું હોય છે.

તેથી જ માત્ર ચાર્તુમાસ જ સમગ્ર વર્ષ દરમ્યાનનો એવો સમય ગાળો છે જેમાં સાધુ-સંતોનો વધુને વધુ પ્રમાણે સત્સંગ-સહવાસનો સામાન્ય ધર્મપ્રેમી જનતાને લાભ મળે છે. આ ચાર મહિના દરમ્યાન પ્રવચન – વ્યાખ્યાન શ્રવણ, નાના-મોટા તપ, ધર્મ-આરાધના, સાધુ-સંતોને ગોચરી-પાણી વહોરાવવાનો લાભ વગેરેનો લાભ ધર્મપ્રેમી આત્માઓને મળવાનો ચાલુ જ રહેતો હોય છે. પરંતુ જો સૌથી મોટો કોઈ લાભ ધર્મશ્રદ્ધાળુઓને મળતો હોય, તો તે છે એક જ સાધુ-સંત સાથેનો સતત ચાર માસ સુધીનો રોજીંદા સત્સંગનો લાભ.

જે તે નિવાસ સ્થાને બિરાજમાન એક જ પૂ. આચાર્ય, સાધુ-સાધ્વીજી મહાત્માને આ ચાર્તુમાસ દરમ્યાન વ્યક્તિ ઈચ્છે તો રોજ તેમને દર્શન-વંદન કરી શકે છે અને તેમની સાથે વ્યક્તિગત ધર્મ વાર્તાલાપ પણ કરી શકે છે. અર્થાત્ સત્સંગ કરી શકે છે. શાસ્ત્રમાં કહેવાયું છે કે સત્સંગથી હજારો જન્મોનાં પાપોનો નાશ થાય છે, કુસંસ્કારોનો નાશ થાય છે. ચાતુર્માસનાં આ કાળ દરમ્યાન વ્યક્તિનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન આવતુ હોવાના અનેક ઉદાહરણો આપણને જોવા મળે છે. તે સત્સંગનું ઉત્તમ નિમિત્ત સામાન્ય વ્યક્તિને તો ચાતુર્માસ સિવાય મળવું પણ લગભગ અસંભવ જેવું છે.

વળી, જૈન પરંપરા પ્રમાણે આ ચાર માસ દરમ્યાન રોજ વ્યાખ્યાન - પ્રવચન પણ ચાલુ રહેતો રહેતું હોવાથી ઘરનાં ગૃહસ્થ પોતાના સમયની અનૂકુળતા પ્રમાણે ધર્મ-શ્રવણ પણ કરી શકે છે. તેમાં પણ જૈનધર્મનો સૌથી અત્યંત મહત્ત્વનો પર્વ ''ક્ષમાપના પર્વ'' અર્થાત્ ''સંવત્સરી પર્વ'' પણ આ ચાતુર્માસનાં સમયગાળા દરમ્યાન જ આવતો હોય છે. જે સંવત્સરી પર્વનાં આઠ દિવસ ઉપાશ્રય-દહેરાસરમાં તો જાણે શ્રદ્ધા-ભક્તિનું ઘોડાપૂર ઉમટેલું જોવા મળે છે.

તેમજ આ લેખની શરૂઆતમાં જ જણાવેલ કે 'દિપાવલીનું મહાપર્વ ઉજવાય છે તે જૈન દર્શન પ્રમાણે વર્તમાન તીર્થંકર પ્રભુ મહાવીરનાં 'મોક્ષ કલ્યાણકનો દિવસ છે, જ્યારે તેના પછીનો 'નૂતન વર્ષનો દિવસ એ પ્રભુ મહાવીરનાં મુખ્ય શિષ્ય અને ગણધર એવા ગરૂ શ્રી ગૌતમ સ્વામીનાં 'કેવળજ્ઞાનનો અપૂર્વ દિવસ છે. વળી તેના પછી ત્રણ દિવસ પછી આવતું લાભ પાંચમનું પર્વ એ તો જાણે સરસ્વતી પર્વનાં નામે એટલે કે 'જ્ઞાનપંચમીનાં નામે જ જૈનદર્શનમાં ઓળખાય છે. માટે જ આ ત્રણેય દિવસો જૈન-આરાધકો અને સાધકો માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

આ પ્રમાણે ચાર્તુમાસનાં સમગ્ર સમય દરમ્યાન કોઈને કોઈ નિમિત્તે અપૂર્વ ધર્મ-આરાધના થતી જોવા મળે છે. તેથી જ આ ચાતુર્માસનાં - આ વર્ષા-કાળનાં સમગ્ર સમય દરમ્યાન સહુકોઈ પોત-પોતાની માન્યતા કે સંપ્રદાય-દર્શન પ્રમાણે ઉજવાતા પર્વમાં વ્યક્તિગત કે સમુહ ધર્મ-આરાધના કે ઉપાસના કરતું જોવા મળે છે. માટે જ ધર્મપ્રેમી જનતા આ ચાર્તુમાસ પર્વને દર વર્ષે હર્ષોલ્લાસથી અને ઉત્સાહથી આવકારતા હોય છે.

## બહેનશ્રીના વચનામૃત -

### સંકલન વિજય બોટાદરા




● જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયક સ્વભાવનો મહિમા લાવી,, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો. જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દ્રષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.

સાધક જીવની દ્રષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને - તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનોસ તેમના સાધક-બાધકપણાનો ઈત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે. પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરૂષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દ્રષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.- આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે. બીજાને સમજવું અઘરું પડે છે.

# ભારતીય જનતા પાર્ટી ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભા દ્વારા સંગઠન પર્વ સદસ્યતા અભિયાન ૨૦૧૯નો ભવ્યાતિભવ્ય શુભારંભ











ભારતીય જનતા પાર્ટી ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભા દ્વારા ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શુક્રવાર તા.૧૨ જુલાઈના રાતના ૯ કલાકે સંગઠન પર્વ સદસ્યતા અભિયાન ૨૦૧૯નો ભવ્યાતિ ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. તેમજ બુથ પ્રમુખ અને કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. સદસ્યતા અભિયાનની શરૂઆત ઘાટકોપરના વિવિધ ક્ષેત્રના ચાર મહાનુભાવોને ભારતીય જનતા પાર્ટીના મેમ્બરો બનાવીને કરવામાં આવી હતી.

ઘાટકોપર(ઈસ્ટ)માં ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટીના રેકોર્ડબ્રેકિંગ ૧,૦૩,૪૦૦ મેમ્બર બન્યા હતા જે મહારાષ્ટ્રની સૌથી હાઈએસ્ટ સંખ્યા હતી. આ માહિતી આપતાં ભારતીય જનતા પાર્ટીના ઘાટકોપર(ઈસ્ટ)ના અધ્યક્ષ **રમેશ મોરબિયા**એ કહ્યું હતું કે 'આ વર્ષે અમે આ મેમ્બરશિપમાં ૨૫ ટકા વધારો કરવાનો નિર્ધાર કર્યો છે, અમે ઘાટકોપર (ઈસ્ટ) માં ૨૫૦૦૦ નવા મેમ્બરો બનાવીને ફરીથી એકવાર મહારાષ્ટ્રમાં મોખરે રહીશું. ગઈ કાલે સંગઠન પર્વ સદસ્યતા અભિયાન ૨૦૧૯નું લોકાર્પણ વિવિધ ૨૦૧૯નું લોકાર્પણ વિવિધ ક્ષેત્રની ચાર હસ્તીઓને મેમ્બરો બનાવીને કર્યું હતું.'

જે ચાર મહાનુભાવોને પાર્ટીના મેમ્બર બનાવવામાં આવ્યા તેમાં ફેડરેશન ઓફ એસોસિએશન ઓફ મહારાષ્ટ્ર (ફામ)ના અધ્યક્ષ **વિનેશ મહેતા,** ઘાટકોપર(ઈસ્ટ)માં આવેલી પરખ હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ચેરમેન તથા મેનેજીંગ ડિરેક્ટર નેફ્રોલોજિસ્ટ **ડૉ.નરેન્દ્ર દેઢિયા,** એડવોકેટ **વિનીત જોષી** અને સમાજસેવક **રઘુનાથ પરબ**નો સમાવેશ થાય છે.

મેમ્બરશિપ અભિયાન પ્રસંગે બુથ પ્રમુખો અને કાર્યકરોથી ઝવેરબેન હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. સદસ્યતા અભિયાનની શરૂઆત કરતાં પહેલા ઈશાન મુંબઈના ભારતીય જનતા પાર્ટીના સંસદસભ્ય મનોજ કોટક, ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભા ક્ષેત્રના **વિધાનસભ્ય પ્રકાશ મહેતા**એ સદસ્યતા અભિયાન ૨૦૧૯ વિશેની માહિતી આપી સૌને માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ઘાટકોપર(ઈસ્ટ)ના કાર્યકારી અધ્યક્ષ **અશોક રૉય**, પાર્ટીના ઈશાન મુંબઈના જનરલ સેક્રેટરી અને જિલ્લા સદસ્યતા અભિયાન પ્રમુખ **વિકાસ કામથ,** ગારોડિયાનગર-રાજાવાડીના વિસ્તારોને આવરી લેતા બીએમસીના વોર્ડ નંબર ૧૩૨ના નગરસેવક પરાગ શાહ, કામાલેન-ગંગાવાડીના વિસ્તારોને આવરી લેતા બીએમસીના વોર્ડ નંબર ૧૩૦નાં નગરસેવિકા **બિંદુ ત્રિવેદી,** પાર્ટીના અગ્રણી કાર્યકરો **શૈલેષ જોશી** અને **વિનોદ લાખાણી**એ હાજરી આપી હતી.

કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન વિકાસ કામથે કર્યું હતું.









# ઘાટકોપરમાં બિરાજતા સાધુ-સાધ્વજીઓએ જૈન જગત કોલમ શરૂ કરવા બદલ પાઠવ્યા આર્શિવચનો

જૈન સમાજને ધાર્મિક પ્રવૃતિઓનું ઈન્ફરમેશન સાપ્તાહિક માધ્યમ દ્વારા મળી રહે એવો એક પ્રયાસ જતીનભાઈએ કર્યો છે. તેમાં દિનપ્રતિદિન અભ્યુદય થાય. ધર્મપ્રેમીઓ આરાધનામાં જોડાય. ભાવનાથી અનુમોદનાનો લાભ વોઈસ ઓફ ઘાટકોપર સાપ્તાહિકે લીધો છે. લાખો લાખો અભિનંદન અંતઃકરણપૂર્વક શુભેચ્છા

રવિવારે વ્યાખ્યાનનો સમય ૯.૩૦ થી ૧૦.૩૦ ધર્મ સમર્પણ ચાતુર્માસને વધાવીએ પોલા અઠ્ઠમ-અષાઠ-પૂનમ એકમ, બીજ, ઉપવાસ, એકાસણું, ઉપવાસ એકાવતારી, નિંદ્રાવિજેતા પૂ. ડુંગરસિંહજી મ.સા., ગાદીપતિ બા.બ્ર.પૂ. ગિરીશમુમિ મ.સા., શાંતસ્વભાવી બા.બ્ર.પૂ. વખતબાઈ મહાસતીજી, સ્વાધ્યાય પ્રેમી બા.બ્ર.પૂ.નંદાબાઈ મહાસતીજીની પુણ્યસ્મૃતિ નિમિત્તે.

ગોંડલ સંપ્રદાયના તીર્થસ્વરૂપા શાસનચંદ્રીકા ગુરૂણી શ્રી બા.બ્ર.પ.પૂ. હીરાબાઈ મ.સ. સુશિષ્યા બા.બ્ર.પૂ.ભારતીબાઈ મ.સ. - પંતનગર વર્ધમાન સ્થા.જૈન ઉપાશ્રય

'વોઈસ ઓફ ઘાટકોપર' લોકમાન્ય અને લોકપ્રિય પેપર છે. તેમાં હવે એક નવી કોલમ આવી રહી છે. જે ઘાટકોપરના સ્થાનકવાસી જૈન એવમ્ મૂર્તિપૂજક જૈન સમાજ માટે ઘણી જ ઉપયોગી થશે.'ઘાટકોપર જૈન જગત' નામક આ કોલમ શરૂ કરવાનો યશ યુવા કાર્યકર જતીનભાઈ કોઠારી, પ્રવરભાઈ કોટીચા અને મયુરભાઈ લોડાયાના ફાળે જાય છે. સમસ્ત ઘાટકોપરમાં ચાતુર્માસ અથવા શેષકાળમાં બિરાજિત સ્થાન કવાસી, દેરાવાસી બન્ને ફીરકાના સંતો-સતિજીઓના મંગલકારી સાનિધ્યમાં થતી સર્વ આરાધનાઓ અને અનુષ્ઠાનોથી સમસ્ત જૈન સમાજને વાકેફ કરવાની આ ત્રણેય યુવા કાર્યકરોની ભાવનાને અમે બિરદાવીએ છીએ અને અંતરના આશીર્વાદ આપીએ છીએ કે આ કાર્યમાં તમે ખૂબ પ્રયત્નશીલ રહો અને સફળતાને વરો! એજ મંગલ ભાવના.

સાધ્વીરત્નાપૂ.ઉર્મી-ઉર્મિલાજી મ.સા. - વ.સ્થા. જૈન સંઘ રાજાવાડી

# પ.પૂ.સા. મૌનગુણાશ્રીજી મ.સા.નો અનંતનાથ જિનાલયે ચાતુર્માસ પ્રવેશ





તા.૬-૭-૨૦૧૯ ના સવારે ૯.૦૦ કલાકે સા.મુખ્યા પ.પૂ.નિરંજન શ્રીજી મ.સા.ના શિષ્યા. શાસનપ્રભાવિકા પ.પૂ.સા.પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નું સં-૨૦૭૫નું ચાતુર્માસ પ્રવેશ, દેવદર્શન, ચૈત્યવંદન, માંગલિક, શ્રી રાજેશ રાયચંદ છેડાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. મસ્જિદ બંદર સંઘની બહેનોએ સ્વાગત ગીત રજુ કરેલ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પ્રમુખ કલ્પેશ માણેકજી મોતાએ આવકાર પ્રવચન આપેલ. મુંબઈ મહાજનશ્રીના માનદમંત્રી રમેશ હીરજી લોડાયાએ પ્રાસંગિક પ્રવચન આપેલ. વ્યાખ્યાન, સુત્ર-ચરિત્ર તથા ગુરૂપૂજનના ચડાવા લેવામાં આવેલ. સૂત્રનો ચડાવો રાયચંદ શિવજી છેડા, ચરિત્રનો ચડાવો સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ તથા ગુરૂપૂજનનો ચડાવો માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવારે લીધેલ. શ્રી મુંબઈ મહાજન દ્વારા પ.પૂ.સાધ્વીશ્રીને કાંબળી વહોરાવેલ. રૂપિયા ૫૦નું સંઘ પૂજન કરવામાં આવેલ. અંતમાં પધારેલા મહેમાનો, જ્ઞાતિજનોએ સાધર્મિક ભક્તિનો લાભ આપેલ.


વોઈસ ઓફ ઘાટકોપર

ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)

સ્પેશિયલ ઓફર

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667

*શરતો લાગુ +5% GST Applicable


# ઘાટકોપરમાં પૂ.ધીર ગુરૂદેવની નિશ્રામાં જીવન જાગરણ શિબિર : આગમ અભિવંદના તપ

શ્રી ઘાટકોપર સ્થાનકવાસી જૈન મોટા સંઘ હિંગવાલા લેન ખાતે પૂ.શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં રવિવારીય જીવન જાગરણ શિબિરનો તા. ૨૧ જુલાઈના રવિવારે પ્રથમ 'રત્નાકર પચ્ચીસી' શિબિર પ્રવચન સવારે ૯.૧૫ થી ૧૨ કલાકે યોજાશે. શિબિરાર્થીઓની સાધર્મી ભક્તિનો લાભ ગુલાબબેન જયંતિલાલ કોઠારી હ.રીટાબેન કીર્તિભાઈ કોઠારીએ લીધેલ છે.

શિબિરના પ્રવેશ પાસ શુક્રવારથી મળશે. જ્યારે તા. ૨૫ને મંગળવારથી સમૂહ 'આગમ અભિવંદનના તપ' નો પ્રારંભ થશે. જેમાં પ્રથમ છઠ્ઠ અને એકાંતર ઉપવાસ તેમજ છેલ્લો છઠ્ઠ કરવાનો રહેશે.

૩૨ આગમ ભાવપૂજન માટે રોજ ૧-૧ આગમની અર્પણ વિધિનો લાભાર્થીઓ લાભ લઈ શકશે. દર ગુરૂવારે બપોરે ૩ થી ૪.૩૦ કલાકે મહિલા જ્ઞાનવર્ધક શિબિર અને રવિવારે બપોરે ૩ થી ૪.૩૦ કલાકે બાલ સંસ્કાર શિબિર યોજાશે. રોજ સવારે ૯ કલાકે સમૂહ ભક્તામર અને ૯.૩૦ કલાકે પ્રવચન શ્રેણીનું આયોજન કરાયું છે.

## જ્ઞાનપિપાસુઓ માટે આ.ભ.યુગભૂષણ સૂરી.મ.સા.... (છઠ્ઠા પાનેથી ચાલુ)

પ્રમાણે જ અદ્ભૂત કળાસંપન્ન છે. તેઓશ્રી પણ હરિભદ્રજી રચિત ગ્રંથના માધ્યમે બહેનોને બપોરે ૩ થી ૪ ગ્રહસ્થ જીવનનાં માર્ગાનુસારી ગુણોથી લઈને દરેક કક્ષાના જીવોનું ઉચિત વર્તન શું? કર્તવ્ય શું? તે સમજાવવાના છે. બીજા પણ આદિનાથ ચરિત્ર ઉપનિતિ ભવપ્રપંશા કથા શાંતિ સુધારસ આદિ બહેનોના પાઠો દ્વારા આ વખતે સુંદર જ્ઞાનનો પ્રવાહ વરસી રહ્યો છે. જેમાં અનેક યુવા બહેનો જોડાઈને જ્ઞાનનો આસ્વાદ માણી રહ્યાં છે.

આચાર્ય યુગભૂષણસૂરીશ્વરજીના માર્મિક ઉદ્દગારો એ હતા કે કોઈપણ જાતના Prejudice વિના open mind થી સત્યગ્રહણ કરવાની જિજ્ઞાસાથી જે આ 'યોગદ્રષ્ટિ સમુચ્ચય' ગ્રંથનું શ્રવણ ચિંતન મનન કરશે તેમની જીવન દ્રષ્ટિ, ફેરવાશે, આજ દિવસ સુધીની ઉંધી માન્યતા, સમજણ બદલાશે અને વિવેકપૂર્વકના બોધથી આંતરિક જબરદસ્ત પરિવર્તન આવશે તેની ગેરેન્ટી છે. કંડીશન એટલી જ છે કે ઈનર હોનેસ્ટી અને તટસ્થતાથી તત્વને સમજવાના પ્રયત્ન કરશો તો અધ્યાત્મને પામશો તો આ ભવ સફળ થશે.

વળી, સોનામાં સુગંધની વાત તો એ છે કે ચોક્કસ પૂજ્ય સાહેબજીએ યોગના ગ્રંથના રહસ્યોનો ઉઘાડ થાય એ માટે શંખેશ્વરમાં ૬ મહિના રોકાઈને મૌન-જાપ અને ભક્તિની સાધનાપૂર્વક ૧૦-૧૦ અઠ્ઠમની આરાધના કરી છે. અને જે કર્મલઘુતા અને અંતઃસ્ફુરણા થઈ ને રહસ્યોનો ઉઘાડ થયો છે, તે સમયે રાત્રે પણ ચિંતન મનન કરતા આ ગ્રંથોની ચાવીઓ ખુલી છે. તે રહસ્યોનું ઉદ્દઘાટન પૂ.સાહેબજી આ વખતે આ ચાતુર્માસના પ્રવચનોમાં કરવાના છે.. જે શ્રોતાઓ માટે અપૂર્વ લહાવારૂપ બની રહેશે.

જેને આત્માનો વિકાસ કરવાની ઈચ્છા હોય, તેઓએ આ અવસર ચૂકવા જેવો નથી.

સ્થળ -મુનિસુવ્રત જૈન દેરાસર, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), સોમ-શનિ - સવારે ૭.૧૫ -૮.૩૦, રવિવાર - ૯.૦૦ - ૧૨.૦૦

# લાયન્સ ક્લબ ઓફ બોમ્બે અપટાઉન દ્વારા 30મા ફંડ રેઈઝીંગ કાર્યક્રમની અનોખી ઉજવણી



લાયન્સ ક્લબ ઓફ બોમ્બે અપટાઉન દ્વારા ૩૦ માં ફંડ રાઈઝીંગ કાર્યક્રમની અનોખી ઉજવણી સંગનો ઉમંગ દ્વારા ઘાટકોપર ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં રવિવાર તારીખ ૧૪ જુલાઈ ૨૦૧૯ના દિવસે સવારે ૧૦ થી ૧ કલાક દરમ્યાન કરવામાં આવી.

જેમાં ખૂબ જ જાણીતા મોટીવેશનલ સ્પીકર સ્વામિન ારાયણ સંપ્રદાય બીએપીએસના પરમ પૂજ્ય શ્રી જ્ઞાન વત્સલસ્વામીએ ચરિત્રઃ સુખના આનંદનું ઘર

Character: The Home of Happiness અને પ્રખ્યાત કવિ-લેખક-સાહિત્યકાર શ્રી તુષારભાઈ શુક્લએ સુસંગ : સુખ ની સાચી સુગંધ

Togetherness: Essence of Happiness વિષય પર બંને વક્તા ઓએ ખૂબ જ સુંદર છણાવટ કરી.



